જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૨/૨૦૧૯ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૦૭/૧૯**

## પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

### સાબરમતી હવેલી પોલીસ સ્ટેશન :

**પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશી દારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતી આરોપીબેન તેજલબેન વા/ઓ કિરણભાઇ કિશોરભાઇ રાઠોડ ઉવ-૪૦ ધંધો-ધરકામ રહે-માછીવાડની ચાલી જુના અચેર સાબરમતી અમદાવાદ શહેર તથા સુભાષનગર અચેર ગામ સાબરમતી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ દેશી દારૂના કેશો શોધી કાઢી સદરી આરોપીબેનને આવી પ્રવુતી પ્રોહી કલમ 93 કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપીબેન વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક-પીસીબી/ DTN/ પાસા /૧૩૯૯ /૨૦૧૯ તા:૧૦/૧૨/૨૦૧૯ રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીબેનને તા:૧૧/૧૨/૨૦૧૯ ના ક.૦૮/૩૦ વાગે પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.



## <u>નારોલ પોલીસ સ્ટેશન :</u>

## <u>પ્રોહીબીશન ની પ્રવુતિ સાથે સંકળાયેલને પાસા હેઠળ અટકાયત કરી લાજપોર જેલ સુરત મોકલતી નારોલ પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા. તેમજ નાયબ પોલીસ કમિશંરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય પ્રોહીબિશન સબંધી અસામાજીક પ્રવુતી આચરતા આરોપી ગજેન્દ્રસિંહ ઉર્ફે કનુસિંહ ઉર્ફે ગજીયો પોપટસિંહ જાતે – રાઠોડ ઉવ.૨૬ રહે, મ.નં.૧૫૬૨ રેવતીનગર સ્વામીનારાયણ વાડીની સામે જેતલપુર ગામ તા. દસક્રોઇ જી-અમદાવાદ ને પીસીબી/ડીટીએન/પાસા/૧૪૦૫/૨૦૧૯ તા.૧૧/૧૨/૨૦૧૯ થી પાસા અટકાયતી નો હુકમ કરતા મજકુર આરોપીને આજ-રોજ તારીખ.૧૧/૧૨/૨૦૧૯ ના કલાક.૨૨/૦૦ વાગ્યે બજવણી કરી પાસામાં મોકલી આપેલ છે



## ગુના નિવારણ શાખાની કામગીરી :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા સાહેબ નાઓએ તા.૧૧.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- લોકોને વિશ્ર્વાસમાં લઇ રોકડ નાણાંને બદલે કાગળોનુ બંડલ આપી છેતરપીંડી કરવી તેમજ લોકોને વિશ્વાસમા લઈ ઓટો રિક્ષામા બેસાડી સોનાના પહરેલ દાગીના રુમાલમા મુકાવી નજર ચુકવી દાગીના કાઢી લેવાની વિગેરે પ્રકારના ગુનાઓમાં પકડાયેલ દોલત ઉર્ફે ગુલશન વિરચંદભાઈ કનૈયાલાલ સોલંકી (બાવરી) રહેવાસી ૩૩૬ નહેરુનગર ના છાપરામા પંપીગ સ્ટેશનનીબાજુમા કુબેરનગર અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | દોલત ઉર્ફે ગુલશન વિરચંદભાઈ કનૈયાલાલ સોલંકી (બાવરી) રહેવાસી ૩૩૬ નહેરુનગર ના છાપરામા પંપીગ સ્ટેશનનીબાજુમા કુબેરનગર અમદાવાદ શહેર |

- સેટેલાઈટ અને ગુજ.યુનિ. પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટુવ્હીલર ઉપર આવી ચાલતા જ્તા માણસોના ગળામા સોનાના ચેઈનની લુટ કરવાના ગુનાઓમા પક્ડાયેલ મહેશભાઈ ઈશ્વરભાઈ દેસાઈ રહેવાસી- સોમાજી ભુપાજીનો કુવો, રબારીવાસ બળદેવનગર સામે વાસણા અમદાવાદ નાઓ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મહેશભાઈ ઈશ્વરભાઈ દેસાઈ રહેવાસી- સોમાજી ભુપાજીનો કુવો, રબારીવાસ બળદેવનગર સામે વાસણા અમદાવાદ |

- દાણીલીમડા  પોલીસ સ્ટેશન વિસ્તારમા મારામારી અને ઝઘડો કરવાની અને અન્ય ચીજ વસ્તુઓની લુટ કરવાના ગુનાઓમા પકડાયેલ અસામાજીક અને માથાભારે ઇસમ મોહમદ હુસેન અબ્દુલખાલીક પઠાણ રહે.૧ મોહમદી ફ્લેટ,પહેલો માળ મોહમદી મસ્જીદની બાજુમા બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ નાઓ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોહમદ હુસેન અબ્દુલખાલીક પઠાણ રહે.૧ મોહમદી ફ્લેટ,પહેલો માળ મોહમદી મસ્જીદની બાજુમા બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ |

- આ ઉપરાંત અન્ય પ્રોહીબીશન ની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૪ ઇસમો મળી **કુલ્લે ૭ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત, વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# <u>ચોરીના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત</u>

## <u>ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :</u>

## <u>મોબાઇલની ચોરી કરતા ઇસમને મુદામાલ સાથે પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ</u>

મે.પો.લીસ કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા મદદનીશ પો.કમિશ્રી "ઇ" ડીવીજન સા.શ્રી નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના ગા.હવેલી પો.સ્ટે નાઓના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સાહેબ તથા સ્ટાફના માણસો ગા.હવેલી પો.સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા જમાલપુર ફાયર સ્ટેશન પાસે આવતા સાથેના અ.હે.કો રીતેષકુમાર નટવરલાલ બ.નં.૪૦૩૫ તથા અ.પો.કો યુવરાજસિહ ઇન્દ્રપસિહ બ.નં.૬૪૨૮ નાઓએ મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે વોચ ગોઠવી આરોપી નામે વિનોદસિગ સ/ઓ રામપ્રસાદસિગ સોલંકી (રાજપુત ) ઉ.વ.૩૫ ધંધો.છુટક મજુરી હાલ રહે. કમોડા, ગાય સર્કલ પાસેના મેદાનમાં, રીગરોડ, અસલાલી પાસે, અમદાવાદ શહેર મુળ રહે. ગામ-કટીયા, ધરમપુર પાસે, તા-સાવેરા, જી-ઇન્દોર મધ્યપ્રદેશ વાળાને બે મોબાઇલ જેમા એક ઓપો કંપનીનો એ-૩-એસ મોડલનો લાલ કલરનો જેનો IMEI નં-૮૬૮૮૭૦૦૪૩૭૩૦૫૧૧ તથા ૮૬૮૮૭૦૦૪૩૭૩૦૫૦૩ નો જેની કિ.રૂ.૬૦૦૦/- તથા બીજો મોબાઇલ જોતા વીવો કંપનીનો ૧૮૧૪ મોડલનો ડાર્ક બ્લ્યુ કલરનો જેનો IMEI નં-૮૬૯૩૮૩૦૪૯૨૩૩૭૩૭ તથા ૮૬૯૩૮૩૦૪૯૨૩૩૭૨૯ નો જેની કિ.રૂ.૬૦૦૦/- જે કુલ્લે મુદામાલ રૂ,૧૨,૦૦૦/- ની મતા સાથે તા-૦૯/૧૨/૨૦૧૯ ના કલાક-૨૦/૩૦ વાગ્યે સી.આર.પી.સી કલમ-૪૧(૧)(ડી) મુજબ અટક કરી સદરીએ ચોરી કરેલ મોબાઇલ બાબતે અત્રેના પો.સ્ટે દાખલ થયેલ ફ.ગુ.ર.નં.૧૩૪/૧૯ ધી.ઇ.પી.કો કલમ-૩૭૯,૧૧૪ મુજબ તથા રીવરફ્રન્ટ ઇસ્ટ પો.સ્ટે દાખલ થયેલ ફ.ગુ.ર.નં.૨૬/૧૯ ધી.ઇ.પી.કો કલમ-૩૭૯,૧૧૪ મુજબના ગુન્હો શોધી કાઢી સદરી ઇસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે



# જુગારના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

### ક્રિકેટ મેચના ખેલાડીઓના રન ફરક ઉપર પૈસાની હાર-જીતનો જુગાર રમતા બે ઇસમોને પકડી ગણનાપાત્ર કેસ શોધી કાઢતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.પો.લીસ કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા મદદનીશ પો.કમિશ્રી "ઇ" ડીવીજન સા.શ્રી નાઓ તરફથી પ્રોહી/જુગારની પ્રવુતી નેસ્તો નાબુદ કરવા સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના ગા.હવેલી પો.સ્ટે નાઓના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સાહેબ તથા સ્ટાફના માણસો ગા.હવેલી પો.સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા જમાલપુર અબ્દાલવાડ પાસે આવતા સાથેના અ.હેડ.કો ચંદ્રમોહન રામદયાલ બ.નં.૮૩૦૦ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે સદરી જગ્યાએ રેઇડ કરી આરોપી નામે હરીશભાઇ પનાચંદભાઇ સોલંકી ઉ.વ.૪૦ ધંધો.નોકરી રહે. મ.નં.૪૨૭૨, રામજીભાઇ પટેલનો મહોલ્લો, મોટોમારૂ વાસ, જમાલપુર અમદાવાદ શહેર તથા મુનાફ યાસીનભાઇ કુડાવાલા ઉ.વ.૪૦ ધંધો. રીક્ષા રહે. ભંગીની ચાલી, નુરજામાસીના મકાનમાં, કાચની મસ્જીદ પાસે, જમાલપુર, અમદાવાદ શહેર નાઓને ચીઠ્ઠી નંગ-03 કિ.રૂ.00/- તથા બોલપેન નંગ-૦૧ કિ.રૂ.00/- ની તથા રોકડ રૂ.૨૧,૨૦૦/- તથા ઓટોરીક્ષા નં-GJ-01-DY-0035 ની કિ.રૂ.૫૦,000/-ની જે કુલ્લે મુદામાલ રૂ.૭૧,૨૦૦/- ની મતા સાથે પકડી બન્ને ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ કરવામાં આવેલ છે



# <u>પ્રોહીબીશનના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત</u>

**<u>વેજલપુર પોલીસ સ્ટેશન :</u>**

## <u>ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલો નંગ-૧૮૨ તથા કોટરો નંગ-૪૪ જેની કુલ કિમત રૂ ૭૧,૯૨૦/- ગણી શકાય તથા અંગ ઝડતી તપાસ દરમ્યાન મળી આવેલ મોબાઈલ ફોન નંગ-૦૧ જેની કિમત રૂ ૫,૦૦૦/- મળી મળી કુલ્લે રૂ ૭૬,૯૨૦/- ની મતાના મુદામાલ સાથે આરોપી પકડી પાડતી વેજલપુર પોલીસ</u>

આગામી ૩૧ ડિસેમ્બરનો તહેવાર આવતો હોય જેથી મે પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તથા મે નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૭ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, "એમ" વિભાગ સાહેબની સુચનાથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિ જુગારના કેશો શોધી કાઢવા સારૂ સુચના આધારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં મસઈ રામભાઈ ગગુભાઈ બન ૪૪૪૬ તથા મસઈ લાલજીભાઈ ભીખુભાઈ બન ૬૪૧૪ તથા પો કોન્સ મયૂરસિંહ ધર્મેન્દ્રસિંહ બન ૫૬૪૪ તથા પો કોન્સ ભયલુભા દિલુભા બન ૧૧૮૩૦ તથા લોકરક્ષક શક્તિસિહ દિલીપસિહ બ.ન-૧૪૩૭ હતા દરમ્યાન <u>અ.પો.કો ભયલુભા દીલુભા બ.નં-૧૧૮૩૦ તથા લોકરક્ષક શક્તિસિહ દિલીપસિહ બ.ન-૧૪૩૭</u> નાઓની બાતમી આધારે આરોપીઓ નામે (૧) વાસીદખાન ખાનવલીખાન પઠાણ ઉવ ૨૨ રહે મકાન નં એચ/૯૫ સંકલીતનગર જુહાપુરા અમદાવાદ શહેર નાનું હોવાનું જણાવેલ તેમજ બીજા ઈસમનું પંચો રૂબરૂ નામ ઠામ પૂછતા પોતે પોતાનું નામ (૨) કયુમ બાબુભાઈ શેખ ઉવ ૩૪ રહે મકાન નં સી/૧૯૬ સંકલીતનગર જુહાપુરા અમદાવાદ શહેર નાનો પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટ વિદેશી દારૂની ''PARTY SPECIAL DELUXE WHISKY FOR SALE IN ARUNACHAL PRADESH ONLY" બ્રાંડની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૧૫૮ તથા ભારતીય બનાવટનો વિદેશી દારુની ''OFFICER'S CHOICE DELUXE WHISKY FOR SALE IN RAJASTHAN ONLY" બ્રાંડની ૩૭૫ એમ.એલ.ની કંપની શીલ બંધ બોટલ નંગ-૨૪ તથા ભારતીય બનાવટનો વિદેશી દારુની ''OFFICER'S CHOICE DELUXE WHISKY FOR SALE IN RAJASTHAN ONLY" બ્રાંડની ૧૮૦ એમ.એલ.ની કંપની શીલ બંધ કોટર નંગ-૪૪ તમામ બોટલો તથા કોટર મળી કુલ્લે કિમત રૂ ૭૧,૯૨૦/- ગણી તેમજ મોબાઈલ ફોન નંગ-૧ જેની કિમત રૂ ૫,૦૦૦/-માળી કુલ્લે રૂ ૭૬,૯૨૦/- ની મતાના મુદામાલ સાથે આજરોજ તા ૧૧.૧૨.૧૯ ના કલાક ૨૧/૦૦ પકડી અટક કરી પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે.



# ખંડણીના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

## સાબરમતી પોલીસ સ્ટેશન :

### ન્યુ રાણીપ વિસ્તારમાં બિલ્ડરની ઓફિસે જઇ ખંડણી માંગનાર ચાર અસામાજીક તત્વોની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

તા.૦૯/૧૨/૨૦૧૯ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશનના ન્યુ રાણીપ વિસ્તારમાં આવેલ આશ્રય-૯ નામની કન્સટ્રક્શન સાઇટ ઉપર જઇ ચાર અસામાજીક તત્વો દ્વારા તોડફોડ અને રૂપીયા પચ્ચીસ લાખની ખંડણી માંગવા બાબતની ફરિયાદ સાબરમતી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૮૭/૧૯ ઇ.પી.કો. ક. ૩૮૬, ૩૮૭, ૪૨૭, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ મુજબ નોંધાયેલ જે ગુનાની ગંભીરતા ધ્યાને માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ તાત્કાલીક આરોપીઓની ધરપકડ કરવા આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડ તથા અન્ય સ્ટાફની ટીમો બનાવી આ ગુનામાં સંડોવાયેલ ચાર આરોપીઓની શોધખોળ હાથ ધરેલ અને ગણતરીના સમયમાં આ કામના આરોપીઓ (૧) વાઘુભાઇ ઉર્ફે વાઘેન્દ્ર શકરભાઇ રબારી (૨) અલ્પેશ ઉર્ફે બબુ ભુપતભાઇ ચૌહાણ (૩)રાહુલ જગદીશભાઇ ગુપ્તા તથા (૪)મુકેશભાઇ વિરાભાઇ જાતે કારેણા નાઓની તા.૧૦/૧૨/૧૯ ના ક.૨૦/૧૫ નાઓની સાબરમતી પોલીસ સ્ટેશનના પો.સ.ઇ. શ્રી એ.જે.દેસાઇ નાઓએ ધરપકડ કરેલ અને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આમ સાબરમતી પોલીસ સ્ટેશનના સ્ટાફના સંયુક્ત પ્રયાસથી ચાર અસામાજીક તત્વોને ગણતરીના સમયમાં શોધી કાઢી તેઓની ધરપકડ કરવામાં અમદાવાદ શહેર પોલીસને સફળતા મળેલ છે.

# <u>હથીયારના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત</u>

**<u>ક્રાઇમબ્રાન્ચ :</u>**

## <u>પિસ્તોલ તથા દેશી તમંચો તથા દસ જેટલા કારતુસ સહીતના ગેરકાયદેસર હથીયારો સાથે એક ઇસમને ઝડપી લેતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ</u>

અમદાવાદ શહેર સહીત ગુજરાતભરમાં ગંભીર પ્રકારના ગુન્હાઓમાં ગેર કાયદેસરના હથિયારોનો ઉપયોગ થતો હોય, આવા ગેર કાયદેસર હથિયારોની હેરાફેરી બાબતે તેમજ આ પ્રકારના ગેર-કાયદેસરના હથિયારો શોધી કાઢવા સારુ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તથા શ્રી અજયકુમાર તોમર સાહેબ, ખાસ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમ બ્રાન્ચ નાઓની સુચના આધારે, શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓના માર્ગદર્શન હેઠળ અત્રેની શાખાના પો.ઈન્સ.શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઈ.શ્રી એસ.પી.ગોહિલ તથા પો.સ.ઈ.શ્રી એ.પી.જેબલીયા તથા સ્ટાફના માણસો દ્વારા અમદાવાદ શહેર વિસ્તારમાં ગેર-કાયદેસરના હથિયારો શોધી કાઢવા સારુ ખાસ આયોજન હાથ ધરેલ અને ખાનગી બાતમીદારો નો સંપર્ક કરી આવા ગુન્હાઓમાં સંડોવાયેલ ઇસમો બાબતે ઝીણવટપુર્વક તપાસ હાથ ધરવામાં આવેલ અને ગેરકાયદેસરના હથિયારો પકડવાની કામગીરીને ખાસ અગ્રીમતા આપવા માટે શ્રી અજયકુમાર તોમર, ખાસ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ વિશેષ સુચના કરેલ હોય, આ દરમ્યાન તા.૧૧/૧૨/૨૦૧૯ ના રોજ મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે વટવા સદાની ધાબી ચાર રસ્તા કેનાલ પાસેથી **<u>આરોપી પ્રતિક ઉર્ફે પિન્ટુ સ/ઓ રાજેશભાઇ ડાયાભાઇ ચૌહાણ ઉ.વ.૨૭ રહે-એ/૫૦૩ મારૂતી પ્લાઝા રેસીડેન્સી સત્યમેવ હોસ્પીટલની સામે ચાંદખેડા અમદાવાદ શહેર</u>** નાનો તેના કબજામાં **<u>(૧) પિસ્તોલ નંગ-૧ કિ.રૂ.૧૦,૦૦૦/- ની તથા (૨) દેશી તમંચો નંગ-૧ કિ.રૂ.૫,૦૦૦/-નો તથા (૩) ૭.૬૫ ના જીવતા કારતુસ નંગ-૮ કિ.રૂ.૮૦૦/- (૪) મોટા કારતુસ નંગ-૨ કિ.રૂ.૨૦૦/- ના મળી કુલ્લે કિ.રૂ.૧૬૦૦૦/-</u>** ના મુદ્દામાલ સાથે આરોપી મળી આવતા, જે કબ્જે કરી આરોપી વિરુદ્ધમાં હથિયાર ધારા હેઠળ કાર્યવાહી કરી તેને અટક કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા આ હથિયારો અગાઉ તે પોતાના એક મિત્રના લગ્નમાં ઝારખંડ ખાતે ગયેલ ત્યારે પોતે એક અજાણ્યા માણસ પાસેથી ચારેક વર્ષ પહેલા લાવેલ હોવાનુ જણાવેલ છે.

જે આરોપી પાસેથી પકડાયેલ ગે.કા હથિયારોનો અમદાવાદ શહેર સહીત ગુજરાત ભરમાં અગાઉ બનેલ ગંભીર પ્રકારના ગુન્હાઓમાં ઉપયોગ થયેલ છે કે કેમ? તેમજ પકડાયેલ આરોપીની આ પ્રકારના કોઈ ગુન્હાઓમાં કોઈ ભુમિકા છે કે કેમ? તેમજ આરોપીએ અગાઉ આ પ્રકારના બિજા કોઈ ગે.કા હથિયારો કોઈને આપેલ છે કે કેમ? વિગેરે બાબતેની વધુ પુછપરછ તથા તપાસ તજવીજ પો.ઈ.શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઈશ્રી એસ.પી.ગોહિલ નાઓ ચલાવી રહેલ છે.

## આરોપીનો ગુન્હાહીત ઈતિહાસ

આરોપી અગાઉ વટવા પોલીસ સ્ટેશનમાં મારામારીના-૦૨ ગુન્હામાં તેમજ પ્રોહીબિશનના-૦૧ ગુન્હામાં પકડાઈ ચુકેલ છે.

